## આવતીકાલનો ઉજાસ



વૈભવી એચ જોષી
ધો-૯, શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય

અભ્યાસમાં હોંશિયાર હોવા ઉપરાંત બહુમુખી પ્રતિભા ધરાવતી વૈભવી રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ઈકો ક્લબ, ઊર્જા રક્ષક દળ અને સાહિત્ય જેવી ઈતર પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભાગ ભજવે છે. સાહિત્ય પર્વની ઉજવણીના ભાગરૂપે 'આપણો માતૃભાષા સાથેનો નાતો' તેમજ 'ભ્રષ્ટાચાર મુક્ત ભારતની મારી કલ્પના' જેવા વિષયો અંગે ઉત્તમ વક્તવ્યો આપીને પ્રથમ ક્રમાંકનું ઈનામ મેળવી શિષ્યવૃત્તિ તથા પ્રમાણપત્ર પોતાને નામે કર્યાં છે.



રેણુકા બી રાઠોડ
ધો-૧૨, શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય

રેણુકા અભ્યાસની સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ મોખરે રહે છે. તે એનએસએસમાં સક્રિય રીતે ભૂમિકા ભજવે છે તેમજ કાવ્ય સર્જન, દુહા, મુક્તક, હાઈકુ અને કાવ્ય કણિકાઓનું પણ અનોખું સર્જન કરે છે. ઉપરાંત યુવક મહોત્સવમાં ભજનગાનમાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમનું ઈનામ મેળવીને તેણે શાળાનું ગૌરવ વધાર્યું છે.

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજને મળેલો બેસ્ટ સ્કૂલ ઑફ ધ યર ઍવોર્ડ



ગાંધીનગર, તા. ૨૫

આર કે યુનિવર્સિટી રાજકોટ તરફથી દર વર્ષે સ્પર્ધાત્મક ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે.

આ સ્પર્ધામાં પટેલ સૌરભકુમાર રાજેશભાઈએ ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજનું પ્રતિનિધિત્વ કરી અને સમગ્ર ગુજરાતની ૧૧૦૦ શાળાઓના ૧૫૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં અગ્રસ્થાને રહીને શાળાને બેસ્ટ સ્કૂલ ઑફ ધ યર-૨૦૧૨નો ઍવોર્ડ અપાવવામાં યોગદાન આપ્યું છે.

# ગ્લોબલ વૉર્મિંગ સેમીનારમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલે ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો સાયન્સ સિટી, અમદાવાદ ખાતે આયોજિત 'ગ્લોબલ વૉર્મિંગ અને બાયોડાયવર્સિટી' સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના વૈજ્ઞાનિકો શ્રી એસ જે સક્સેના, શ્રી સી જે સાસુ, શ્રી એચ એસ સિંઘ, શ્રી દિલીપ ગાંધીએ ગ્લોબલ વૉર્મિંગને અટકાવવા વિશેના વિચારો રજૂ કર્યા હતા.

સ્કૂલના વિદ્યાર્થીઓએ આ સેમિનારમાં ભાગ લઈ નવી ઉપયોગી માહિતી મેળવી ધન્યતાની લાગણી અનુભવી હતી.

# મ્યુનિ. શાળાનાં બાળકો વિદેશમાં કાર્યક્રમ આપશે

*ગાંધીનગર, તા. ૨૫*

*મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદની માનવ સાધના સંસ્થા દ્વારા અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત શાળાઓના શહેરમાં સેવાવસ્તીમાં વસતા ગરીબ શ્રમયોગી પરિવારોના ૧૬ બાળકો આ વેકેશન દરમ્યાન મે-જૂન મહિનામાં અમેરિકા અને બ્રિટન ખાતે નૃત્ય નાટિકાનો સાંસ્કૃતિક પ્રવાસ કરવા જઈ રહ્યા છે. તેમને હાર્દિક શુભેચ્છાઓ આપી હતી.*

*અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શિક્ષણ સમિતિના અધ્યક્ષ જગદિશ ભાવસાર અને માનવ સાધના સંસ્થાના અનારબેનના નેતૃત્વમાં સંસ્થાના પદાધિકારીઓ સાથે આ શ્રમયોગી પરિવારોના બાળકો વિદેશ પ્રવાસે જતા પહેલા મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લેવા આજે ગાંધીનગર આવ્યા હતા.*

# અમદાવાદમાં મહાત્મા ગાંધી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ અર્પણવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદમાં ડૉ રવિન્દ્રનાથ ટાગોર મેમોરિયલ હોલ ખાતે મહાત્મા ગાંધી અને ડૉ બાબાસાહેબ આંબેડકર એવોર્ડની અર્પણવિધિ સમારોહ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આ એવોર્ડ મેળવનારાઓમાં જીવનસાધના ટ્રસ્ટ, મુ. બામણગામ તા. માતર, જિ. ખેડા, વર્ષ ૨૦૦૮-૦૯નો મહાત્મા ગાંધી એવોર્ડ ઉપરાંત શ્રી વેજાભાઈ ભીમાભાઈ સાદિયા, મુ.પો. ફટાણા, જિ. પોરબંદર, (૨૦૦૮-૦૯) શ્રીમતિ કાન્તાબેન પંડ્યા હિંમતનગર, જિ. સાબરકાંઠા (૨૦૦૯-૧૦) ડૉ. રમેશકુમાર મકવાણા વલ્લભવિદ્યાનગર જિ. આણંદ, (૨૦૧૦-૧૧) શ્રી ગોરધનભાઈ મકવાણા સંતશ્રી ઉગમરામદાદાની જગ્યા તા. ગોંડલ, જિ. રાજકોટને ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ એનાયત થયો હતો.

એવોર્ડ મેળવનાર પ્રત્યેક મહાનુભાવ/સંસ્થાને રૂા. ૧ લાખની રકમ, પ્રશસ્તિપત્ર અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરા, મુખ્યદંડક શ્રી અંબાલાલભાઈ રોહિત, ધારાસભ્યશ્રી લાલજીભાઈ સોલંકી, શ્રીમતિ ભાનુબેન બાબરીયા, શ્રીમતિ વંદનાબેન મકવાણા તથા શ્રી ઝવેરભાઈ ચાવડા અને જીતુભાઈ વાઘેલા ઉપાધ્યક્ષ શ્રી અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, પૂનમભાઈ મકવાણા ચેરમેન અતિછાત જાતિ વિકાસ બોર્ડ તથા નાયબ મેયર શ્રીમતી દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.



માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે રાજ્ય સરકાર દ્વારા ડિસેમ્બર, ૨૦૧૧ દરમ્યાન યોજાઈ ગયેલા ખેલ મહાકુંભમાં વિજેતા નીવડેલા ખેલાડીઓને રોકડ ઈનામો એનાયત કરવાનો એક સમારોહ સોમવારે અમદાવાદ ટાગોર હૉલ ખાતે યોજાયો હતો. ગાંધીનગર જિલ્લાના ૩૮ ખેલાડીઓએ વિવિધ સ્પર્ધાઓમાં રોકડ ઈનામો જીત્યાં હતાં, જેની રૂપિયા ૨.૫૯ લાખ જેટલી રકમનો ચેક ગાંધીનગર જિલ્લાના ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર જિજ્ઞેશ રાવલ તથા સ્પોર્ટ્સ ડિરેક્ટર વિનુભાઈ પટેલે સ્વીકાર્યો હતો. આ પ્રસંગે સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ઈન્ડિયાના ચેરમેન પરમવીર ચક્ર વિજેતા એર માર્શલ ડેન્ઝીંગ કીલરે ખાસ ઉપસ્થિત રહી વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરાશે

# બૌદ્ધિક સંપદા અંગે આજે વિશેષ સેમિનાર યોજાશે

અમદાવાદ, તા.૨૫

ભારત સરકારની અમદાવાદ સ્થિત ટ્રેડમાર્ક રજીસ્ટ્રી વિભાગના ઉપક્રમે આવતીકાલ તા.૨૬મી એપ્રિલને ગુરૂવારે વિશ્વ બૌદ્ધિક સંપદા દિને શહેરની પ્રાઈડ હોટલમાં અવેરનેસ માટે એક સેમિનારનું આયોજન કરાયુ છે. આ સેમિનારમાં બૌદ્ધિક સંપદા અંગે ચર્ચા કરાશે. ભારત સહિત વિશ્વમાં બૌદ્ધિક સંપદા અંગે કેવા પ્રકારની ગતિવિધિઓ અને વિકાસ થઈ રહ્યો છે એની માહિતી આપવામાં આવશે તેમ ટ્રેડમાર્ક રજીસ્ટ્રીના આસી. રજીસ્ટાર એસબી પાલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બૌદ્ધિક સંપદા પારંપારિક રીતે બે વિભાગમાં વહેંચાયેલી છે જે ૧. ઔદ્યોગિક સંસ્થા અને ૨. કોપીરાઈટ, ઔદ્યોગિક ડિઝાઈન સહિત ભૌગોલિક નિર્દેશોનો સમાવેશ થાય છે. જ્યારે કોપી રાઈટમાં સાહિત્ય અને કલાકારીનો સમાવેશ થાય છે જેમ કે પુસ્ત, ફિલ્મ, મ્યુઝિક નવી નવી શોધ કરી હોય બન્નેને પેટન્ટ દ્વારા રોયલ્ટી મળી શકે તે બૌદ્ધિક સંપદાનો હેતુ છે સંપદાનું એક અધિવેશન યોજાયુ હતું તેથી તે દિવસને બૌદ્ધિક સંપદા દિન તરીકે ઊજવવામાં આવે છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળના તમામ સેવક ભાઈ-બહેનો માટે આતિથ્ય-સરભરા (હૉસ્પિટાલિટી) તાલીમનો કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. આ તાલીમ કાર્યક્રમમાં ટ્રેઈનર તરીકે ગાંધીનગરની હૉટલ મૅનેજમેન્ટ સંસ્થાના પ્રા. શ્રીમતી યશોધરા પી પંડ્યાએ ભૂમિકા નિભાવી હતી. સંસ્થાના ૧૫૦ જેટલા તાલીમાર્થીએ આ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમ પ્રાપ્ત કરી હતી.

# સાયકલ પ્રવાસી મનસુખભાઈને રાષ્ટ્રપતિની શુભેચ્છા

## સાડા અગ્યાર લાખ કિમીના પ્રવાસ દરમ્યાન ૪૪ હજાર હાઈસ્કૂલ્સમાં જઈ આદર્શ ભારત બનાવવાનો સંદેશ આપ્યો



ગાંધીનગર, તા. ૨૫

વિશ્વશાંતિ, ભ્રાતૃભાવ, સદ્‌ભાવના અને લોકજાગૃતિ અર્થે લોક સંપર્ક કરી ભારતયાત્રા કરતા મનસુખભાઈ પંચાલ 'કુંદન'ને ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાદેવી પાટીલે સન્માનિત કરી શુભેચ્છાઓ પાઠવી છે.

મનસુખભાઈ હાલ બે દિવસ માટે ગાંધીનગરમાં છે. અહીંથી તેઓ ગોઝારિયા, વિસનગર, વડનગરના સાયકલ પ્રવાસે આગળ જઈ રહ્યા છે. તેમણે સાડા અગ્યાર લાખ કિમીનો સાયકલ પ્રવાસ કરી સાત કરોડ લોકોનો સંપર્ક સાધ્યો છે. પ્રવાસ દરમ્યાન તેમણે આધ્યાત્મિક પ્રવચનો, વિશ્વશાંતિનો સંદેશ, અરવિંદ આશ્રમના શ્રીમાનના સુવિચારો, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજીના વિચારોનો પ્રચાર-પ્રસાર કરી ધ્યાન-યોગ-પ્રાર્થના સાથે સદ્‌ભાવના અને વિશ્વશાંતિનો પ્રચાર કર્યો છે. તેમણે અત્યાર સુધીમાં ૪૪ હજાર હાઈસ્કૂલ્સમાં જઈને આદર્શ ભારત બનાવવાનો સંદેશ આપ્યો છે. ચૌદ વર્ષની વયે મનસુખભાઈએ સરધારથી સોમનાથ સુધીનો પ્રથમ સાયકલ પ્રવાસ કર્યો હતો. ત્યારબાદ ૧૭ વર્ષની ઉંમરે રાજકોટથી ન્યૂ દિલ્હીનો પ્રવાસ અને પછી ચોટીલા, સુરેન્દ્રનગર, વિરમગામ, સાણંદ, અમદાવાદ, નડિયાદ, ખેડા, માતર સુધીનો પ્રવાસ ખેડ્યો છે.

## કેફિયત કલા સાધકની

\- આશા સરવૈયા

# નગરના સુરીલા સ્વરકાર શ્રી મુનિકુમાર દેસાઈ

ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોષી, રમેશ પારેખ, દુલા કાગ, વેણીભાઈ પુરોહિત, મનોજ ખંડેરિયા, શૂન્ય પાલનપુરી, નઝીર, પરેશ ભટ્ટ, પુરુરાજ જોષી, માધવ રામાનૂજ, વિનોદ જોષી તેમજ અન્ય નામાંકિત કવિઓની ગણી ગણાય નહીં એટલી રચનાઓના સૂરીલા સ્વરકાર અને સરળ પણ કર્ણપ્રિય સ્વર રચનાઓના રચયિતા એટલે જાણીતા સંગીતજ્ઞ શ્રી મુનિકુમાર બી દેસાઈ.

૧૯૨૬માં વલસાડ, ગોંડલમાં જન્મેલા મુનિભાઈનો શાળા અભ્યાસ ભાવનગરની જાણીતી આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં. આ સમય દરમ્યાન એટલે કે સોળ, સત્તર વર્ષની ઉંમરથી જ મુનીભાઈએ સ્વયંસ્ફૂરણાથી ગાવાનું શરૂ કર્યું. તેમણે સંગીતમાં કોઈ પદ્ધતિસરની તાલીમ લીધી ન હતી. કોઈ કવિનું કાવ્ય તેમને ગમે એટલે સ્વરબદ્ધ કરીને ગાવાનું શરૂ કરે. એ દિવસોથી જ એમના અવાજમાં મીઠાશ હતી. મિતભાષી મુનિભાઈને માતાજીની કૃપા કહો કે સ્ફૂરણા કહો, તેમનામાં કાવ્ય (ગીત)નો ભાવ સમજીને જ બંદિશ રચવાની ગઝબની સૂઝ હતી.

સરકારી નૉકરીમાં જોડાયા હોવાથી મુંબઈ અને એ પછી ૧૯૬૦માં ગુજરાત રાજ્યની અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભૂજ અને મુંબઈ રેડિયો સ્ટેશન પર સેવાઓ આપી છે, જે વિરલ અને અદ્વિતિય સિદ્ધિ ગણાવી જોઈએ. સવારે રેડિયો શરૂ કરીએ અને મુનિભાઈનો સ્વર રણકે, 'ઘૂઘરીના ઘમકારે ઘેલા ઘેલા થ્યા'તા, એકવાર હું ને મીરાં મથૂરામાં ગ્યા'તા...' અને તેમના અવાજની તાજગીનો જાદુ છવાઈ જાય. એચએમવી દ્વારા તેમના જાણીતાં ભજનોની રૅકર્ડ પણ બહાર પાડવામાં આવી છે. ગુજરાત તેમજ મુંબઈમાં પણ સંગીતના કાર્યક્રમો મુનિભાઈએ રજૂ કર્યા છે.

ગુજરાત સરકારે લદ્દાખ સીમાએ સૈનિકોની તાલીમ આપવા મોકલેલ ડેલીગેશનમાં મુનિભાઈએ પણ અગત્યનો ભાગ ભજવ્યો હતો. તાલીમની સાથે સાથે કુદરતી સૌંદર્યથી શોભતા આ સ્થળે સંગીતનો જલસો પણ યોજાતો, જેમાં મુનિભાઈના મદક સ્વરે ગવાતાં ગીત, ગઝલ અને ભજનો ખૂબ જામતાં. ડેલીગેશનના સહગાયક પ્રિમરોઝબેન સાથે ફિલ્મ મિલનનું ગીત 'સાવન કા મહિના પવન કરે શોર...' તેમણે ગાયું હતું. આ સિવાય તેમણે ક્યારેય ફિલ્મો ગીતો ગાયાં નથી. લદ્દાખનાં આ સંસ્મરણો મુનિભાઈ એક યાદગાર ઘટના તરીકે આજે પણ વાગોળે છે.



રચના થતાં અમદાવાદ આવ્યા. અમદાવાદની દરિયાખાન કૉલોનીના વસવાટ દરમ્યાન ગીત સંગીતની પ્રવૃત્તિઓ ખૂબ જામી. મિત્રમંડળ ભેગું થાય અને સંગીતની મિજલસ થાય. ગીત, ગઝલ અને ભજનના ગાયક મુનિકુમાર માતાજીના પણ પરમ ઉપાસક. કૉલોનીમાં તેમની અગાશીએ તેમના જોડીદાર શ્રી રમણભાઈ પુરોહિત સાથેની જુગલબંધીમાં માતાજીની આરાધના આખી રાત ચાલે. આજે પણ કૉલોનીવાસી મિત્રો એમના હલકભર્યા મધુરા કંઠમાં ગવાયેલો ગરબો યાદ કરે છે - 'અંબે એક તારો મુને સથવારો, અહીં તહીં જોઈ જોઈ હું તો થાક્યો, મુને સૂઝે નહીં કિનારો રે...'

અમદાવાદની ખૂબ જાણીતીત સંસ્થા 'શ્રુતિ'ની શરૂઆતથી જ જાણીતા કલાકારો યોગેન્દ્ર બક્ષી, વિભાબેન-રાસબિહારી દેસાઈ, પુરુષોત્તમ ઉપાધ્યાય, હર્ષિદા-જનાર્દન રાવળ, જિતેન્દ્ર વ્યાસ વિ. સાથે મુનિભાઈ પણ 'શ્રુતિ'ના કાર્યક્રમોમાં પોતાનો સૂર રેલાવતા.

૧૯૭૦થી તેઓ ગાંધીનગરના નિવાસી બન્યા. જ્યાં પણ તેઓની સંગીત પ્રવૃત્તિઓ અવિરત ચાલુ રહી. ગાંધીનગરના પોતાના સૅક્ટર-૧૭ના નિવાસસ્થાને નિયમિત રીતે સંગીત બેઠકો યોજાતી. મુનિભાઈની આંગળીઓ હાર્મોનિયમ ઉપર પતંગિયાની જેમ ફરે અને મનભાવન બંદિશો ગવાતી જાય. બેઠકોની સાથે સાથે જ તેમણે પંચદેવ મંદિર ખાતેત સુગમ સંગીતના વર્ગો ચાલુ કર્યા જે સતત ૨૦ વર્ષો સુધી ચાલ્યા. તેમના જાણીતા શિષ્યોમાં નીલા-સુજ્ઞા-તૃપ્તિ ધોળકિયા, મુકેશભાઈ વૈદ વિ. મુખ્ય છે.

ચિત્રલોક સિનેસર્કલ આયોજિત હળવું કંઠ્ય સંગીત સ્પર્ધામાં જ્યારે મુનિકુમાર વિજયી બન્યા ત્યારે સ્વર કિન્નરી લતા મંગેશકરના હસ્તે પારિતોષિક મેળવવાનું સદ્‌ભાગ્ય તેમને પ્રાપ્ત થયું, જે તેમની કારકિર્દીમાં યશકલગી સમાન ઘટના ગણાય.

મુનિભાઈએ ગાયક અને સ્વરકાર તરીકે બાવન વર્ષ સુધી ગુજરાત રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તરફથી દર વર્ષે યોજાતી સંગીત પ્રશિક્ષણ શિબિરોમાં સંગીત ગુરૂ તરીકે મુનિભાઈનું કાયમી અને સુરીલું પ્રદાન રહ્યું છે. આકાશવાણી પર મુનિભાઈની સફળતાઓ પછી દૂરદર્શને પણ 'સુર ગુલાલ' નામની શ્રેણીનું નિર્માણ કર્યું જેનું સમગ્ર સંચાલન અને સંગીત નિયોજન મુનિભાઈ સંભાળતા. આ શ્રેણીમાં ખૂબ જાણીતા કલાકારો અતુલ દેસી, બંસરી યોગેન્દ્ર, હર્ષિદા-જનાર્દન રાવલ વિ.એ ભાગ લીધો હતો. દૂરદર્શન આયોજિત શ્રેષ્ઠ ગાયક '૮૭ સ્પર્ધા 'મહેફિલ'ના સન્માનનીય નિર્ણાયક તરીકે પણ મુનિભાઈએ સેવાઓ આપી હતી. આ ઉપરાંત ત્રણ વર્ષ સુધી ચાલેલી ટીવી શ્રેણી 'સુરીલી સરગમ'માં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ભાગ લઈને સાચા અર્થમાં સુગમ સંગીત પ્રસરે અને આવનારી પેઢીના કલાકારો આ વારસો સાચવે તેવા મુનિભાઈના અભિગમને પણ બિરદાવવો રહ્યો.

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા અવસર કલા મંદિર દ્વારા સંગીત ક્ષેત્રે અવિરત સેવાઓ આપવા બદલ મુનિભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.

૧૯૮૪માં શિક્ષણ વિભાગમાંથી નિવૃત્ત થયેલા મુનિભાઈએ દસકાઓ સુધી રેડિયો, ટેલીવિઝન કાર્યક્રમો, બેઠકો, મહેફિલો વિ.માં સેંકડો બંદિશો રજૂ કરીને સંગીતની ભાવપૂર્વક આરાધના કરેલ છે. સને ૨૦૦૫માં પૌત્રી ખુશ્બુના ભરતનાટ્યમ્‌ના કાર્યક્રમ પ્રસંગે તેમની એક ગમતી ગઝલ ગાવા ખુશ્બુએ દાદાજીને મનાવી લીધા હતા. મુનિભાઈના પુત્રો નિખીલેશભાઈ (યોગી) અને પરેશભાઈ કહે છે કે પિતાજીનો સંગીત વારસો અમે નથી જાળવી શક્યા તેનો રંજ જરૂર છે પરંતુ આવા નિખાલસ, પ્રેમાળ અને સંગીતજ્ઞ પિતા મેળવ્યાનો સમગ્ર દેસાઈ પરિવારને ગર્વ છે.

જેમનાં સ્વરાંકનો માટે સંગીત રસિયાઓ ઋણી છે એવા સુરીલા સ્વરકાર શ્રી મુનિકુમાર દેસાઈને અઢળક, અનેક શુભેચ્છાઓ. 'શતં જીવ શરદઃ'

# મહિલાઓ માટે 'માતૃછાયા' અને 'સુરક્ષા'નો સથવારો

## સંસ્થા સુવાસ

gsrelation@yahoo.com - કુંતલ નિમાવત

**'માતૃછાયા'**

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ જિલ્લા શાખા દ્વારા સૅક્ટર-૧૨ ખાતે 'માતૃછાયા' નામે નારી સંરક્ષણ ગૃહ ચલાવવામાં આવે છે. આ સંસ્થા વર્ષ ૧૯૮૪થી કાર્યરત છે. સંસ્થામાં ત્રસ્ત મહિલાઓ તથા છોકરીઓને આશ્રય, રક્ષણ, માનસિક સાંત્વના, તબીબી સારવાર તથા પુનઃ વસવાટ દ્વારા નવું જીવન બક્ષવાનો પ્રયાસ કરવામાં આવે છે.

'માતૃછાયા'માં -

કુટુંબ ક્લેશ, લગ્નજીવનના વિખવાદ, માનસિક ત્રાસ અને દહેજ જેવાં સામાજિક દૂષણોનો ભોગ બનેલી મહિલાઓ, ગૃહ ક્લેશના કારણે ત્યજાયેલ મહિલાઓ, કુંવારી માતા બનેલી યુવતીઓ, અનૈતિક વ્યાપાર અને તેના દ્વારા ચાલતાં દૂષણોનો ભોગ બનેલી મહિલાઓ, આપઘાત કરવા પ્રેરાયેલી મહિલાઓ, કૌટુંબિક જીવનમાં પુનઃ વસવાટ કરવા માંગતી મહિલાઓ, જેમની ઉપર પોલીસ કેસ થયો હોય તેવી મહિલાઓ, અનૈતિક વ્યાપાર અને નૈતિક રીતે ભયમાં હોય તેવી મહિલાઓનો આશ્રય આપવામાં આવે છે અને તેમને સધિયારો આપીને પુનઃવસવાટની તક પણ પૂરી પાડવામાં આવે છે.

સંસ્થામાં ૧૫ વર્ષથી ૬૦ વર્ષ સુધીની વય ધરાવતી યુવતીઓ-મહિલાઓને પ્રવેશ આપવામાં આવે છે. માતા સાથે આવેલા સાત વર્ષના બાળકને આશ્રય આપવામાં આવે છે. દીકરી કોઈપણ ઉંમરની હોય તે માતા સાથે રહી શકે છે.

સંસ્થામાં દાખલ થયેલી મહિલાઓના પ્રશ્નોનો સુખદ નિકાલ કે સમાધાન ન આવે ત્યાં સુધી મહિલાઓને અહીં આશ્રય આપવામાં આવે છે. અને તેની ચકાસણી સંસ્થાની કારોબારી દ્વારા કરવામાં આવે છે. સામાન્યતઃ વધુમાં વધુ બે વર્ષ મહિલાઓને આશ્રય આપવામાં આવે છે.

સંસ્થામાં આશ્રિત મહિલાઓને આશ્રય દરમ્યાન ભરતગૂંથણ તથા સિવણ શીખવવામાં આવે છે. અભણ મહિલાઓને અક્ષરજ્ઞાન આપવામાં આવે છે. અભ્યાસ કરતી મહિલાઓને કેળવણી આપવામાં આવે છે. આ ઉપરાંત દરેક મહિલાના કૌટુંબિક સમસ્યાના ઉકેલ માટે સંપ અને સુલેહથી લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે, તેમનું કૌટુંબિક જીવન સુખી બની રહે તે માટે તેમને સતત માર્ગદર્શન આપવામાં આવે છે.

સંસ્થામાં વર્તમાનપત્રો, સામાયિકો, પુસ્તકો તથા સંસ્કાર સિંચતાં સાહિત્યો વસાવવામાં આવ્યા છે, જે દ્વારા પણ મહિલાઓનો માનસિક વિકાસ થાય છે. સંસ્થામાં આશ્રિત મહિલાઓને જરૂરી તબીબી સારવાર પણ પૂરી પાડવામાં આવે છે અને નિયમિત સમયસર પૌષ્ટીક આહાર આપવામાં આવે છે. ત્યક્તા મહિલાઓને લઘુ ઉદ્યોગ શીખવવામાં આવે છે અને સ્વાવલંબી બની પુનઃ વસવાટ શાંતિમય રીતે આત્મનિર્ભર બની કરી શકે તેનું ધ્યાન રાખવામાં આવે છે. જે મહિલાઓના કેસ કૉર્ટમાં ચાલતા હોય તેમને કૉર્ટ કાર્યવાહ માટે રાહતદરે વકીલની સેવા-સલાહ પણ પૂરી પાડવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે સંસ્થાના ગૃહના પ્રારંભથી અત્યાર સુધીમાં ૬૯૮૨ મહિલાઓએ તેનો લાભ લીધો છે. વર્ષે સરેરાશ ૨૫૦ જેટલી મહિલાઓને આ ગૃહ ન માત્ર આશ્રય આપે છે, પરંતુ પુનઃવસનની તક પણ આપે છે.

**કુટુંબ સલાહ કેન્દ્ર**

કેટલાક સંસ્કારી ભાઈઓ, બહેનો પોતાના પરિણીત જીવનમાં સંઘર્ષ અનુભવતા હોય છે. તેઓને સામાજિક, આર્થિક અને માનસિક તો ક્યારેક શારીરિક ત્રાસ ભોગવવો પડતો હોય છે. આવી મહિલાઓને પોતાના રક્ષણ માટે કુટુંબના રીત-રિવાજો અને સંપ માટે યોગ્ય માર્ગદર્શન આ કેન્દ્ર દ્વારા પૂરું પાડવામાં આવે છે. ત્યક્તા અને વિધવા મહિલાઓને પુનઃ વસવાટ અને ઉદ્યમો માટે અહીં માર્ગદર્શન આપવામાં આવે છે. ટૂંકમાં, આ કેન્દ્ર દ્વારા મહિલાઓના વણઉકલ્યા અને મૂંઝવતા પ્રશ્નો બાબતે સચોટ સલાહ આ કેન્દ્ર દ્વારા આપવામાં આવે છે.

**'સુરક્ષા'**

આશ્રય વિનાની મહિલાઓને આશ્રય પુરો પાડવાની કામગીરી જેમ અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ જિલ્લા શાખા દ્વારા નારી સંરક્ષણ ગૃહના માધ્યમ દ્વારા પૂરી પાડવામાં આવે છે તેમ તેના દ્વારા વ્યવસાય કરતી મહિલાઓ માટે છાત્રાલયની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે.

સૅક્ટર-૧૨ ખાતે ગ્રામ ટૅકનોલૉજી સંસ્થા પાસે સંસ્થા દ્વારા વ્યવસાયી મહિલા છાત્રાલય ચલાવવામાં આવે છે.

ગાંધીનગર પાટનગરનું શહેર હોવાથી બહારગામથી નૉકરી, વ્યવસાય માટે આવતી મહિલાઓને રહેવા-જમવા સાથેની સુવિધા તથા સુરક્ષા અહીં પૂરી પાડવામાં આવે છે.

૧૯૮૭થી વ્યવસાયી મહિલા છાત્રાલયનો આરંભ કરવામાં આવ્યો છે અને સંસ્થાએ સૅક્ટર-૧૨ ખાતે છાત્રાલય માટેના પોતાના મકાનનો આરંભ ૨૦૦૦થી કર્યો છે. ૪૦ મહિલાઓ રહી શકે એવી વ્યવસ્થા અહીં છે, જ્યાં હાલ ૪૦ જેટલી મહિલાઓ નિવાસ કરી રહી છે.



તસવીર : કમલેશ શાહ